### ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ગુજરાતી માધ્યમનું ૭૨.૪૩ ટકા પરિણામ

# અંગ્રેજી માધ્યમનું પરિણામ સૌથી વધારે રહ્યું

ગાંધીનગર, તા.૨૬ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ શનિવારે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનુ પરિણામ ૭૩.૨૭ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૮૩.૯૬ ટકા રહ્યુ છે. જ્યારે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૭૨.૪૩ ટકા રહ્યુ છે. સામાન્ય પ્રવાહના પરિણામની માધ્યમવાઈઝ પરિણામની વાત કરવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧૮૭૦૮ રહી હતી. જે પૈકી ૩૧૭૪૮૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. ગુજરાતી માધ્યમમાં એવન ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧૨ રહી છે. જ્યારે એ ટુ ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦૦૧ રહી છે. ગુજરાતી માધ્યમમાં બીવન ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧૬૫૯ નોંધાઈ ગઈ છે. આવી જ રીતે હિન્દી માધ્યમમાં ૧૩ વિદ્યાર્થીઓ એવન ગ્રેડ મેળવી ગયા છે. એ ટુ ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૪ રહી છે. અંગ્રેજી માધ્યમની વાત કરવામાં આવે તો ૧૬૧ વિદ્યાર્થી એવન ગ્રેડ મેળવી ગયા છે. એટુ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૦૭ રહી છે.

બી વન મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૪૫૭ રહી છે. ગુજરાતી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા એકબાજુ ઘટી રહી છે. સાથે સાથે પરિણામ પણ અંગ્રેજી માધ્યમ કરતા ઓછુ જાહેર થઈ રહ્યુ છે. હિન્દી અને અંગ્રેજી માધ્યમને પ્રોત્સાહન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. ગુજરાતી અને હિન્દી માધ્યમ અંગે જ્ઞાન વિદ્યાર્થીઓને પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. હિન્દી ભાષાના જાણકાર લોકો અને સરકાર દ્વારા પણ હિન્દીને મહત્વ આપવામાં આવી રહ્યુ હોવા છતાં આ માધ્યમના વિદ્યાર્થીઓ ચિંતાજનક રીતે ઘટી રહ્યા છે. કેટલીક સ્કુલો તો હવે ઘટતા જતા વિદ્યાર્થીઓ વચ્ચે હિન્દી માધ્યમને બંધ કરવાની દિશામાં પણ આગળ વધી રહી છે. જે વધારે ચિંતા ઉપજાવે તેવી સ્થિતી છે. માર્ચ ૨૦૧૯ની પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ જુલાઈમાં પુરક પરીક્ષા આપી શકશે. આના માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. પરિણામ સાથે જ પરિપત્રમાં તમામ માહિતી પુરક પરીક્ષા માટે પણ જાહેર કરાઈ છે.

| ગુજરાતી માધ્યમ | |
|---|---|
| નોંધાયેલા વિદ્યાર્થી | ૩૧૮૭૦૮ |
| ઉપસ્થિત વિદ્યાર્થીઓ | ૩૧૭૪૮૫ |
| નાપાસ વિદ્યાર્થી | ૮૮૭૫૭ |
| પરિણામની ટકાવારી | ૭૨.૭૩ |
| **હિન્દી માધ્યમ** | |
| નોંધાયેલા વિદ્યાર્થી | ૯૫૮૪ |
| ઉપસ્થિત વિદ્યાર્થીઓ | ૯૫૩૬ |
| નાપાસ વિદ્યાર્થી | ૨૯૧૮ |
| પરિણામની ટકાવારી | ૬૯.૯૦ |
| **અંગ્રેજી માધ્યમ** | |
| નોંધાયેલા વિદ્યાર્થી | ૨૬૮૯૯ |
| ઉપસ્થિત વિદ્યાર્થીઓ | ૨૬૮૭૧ |
| નાપાસ વિદ્યાર્થી | ૪૩૩૯ |
| પરિણામની ટકાવારી | ૮૩.૯૬ |

# ધો.૧૧ સાયન્સનું મેરિટ ત્રણ ટકા જેટલું નીચું જઈ શકે

### પ્રવેશનો કાર્યક્રમ જાહેર થયા બાદ શાળાઓ દ્વારા કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૨૬ ધોરણ-૧૧ સાયન્સ શાળાઓમાં પ્રવેશ માટે અમદાવાદ શહેર અને ગ્રામ્યની શાળાઓ દ્વારા ફોર્મ વિતરણની કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે. હવે, ડીઈઓ કચેરી દ્વારા પ્રવેશ માટેનો આગળનો કાર્યક્રમ જાહેર કરાયા બાદ મેરિટ બહાર પાડવામાં આવશે. જોકે, આ વખતે ધો.૧૧ સાયન્સનું મેરિટ ૩ ટકા જેટલું નીચું જાય તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં ૯૦ ટકા કરતા વધુ માર્ક લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હોવાના લીધે મેરિટમાં ઘટાડો થશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે. જોકે, આ મેરિટમાં ઘટાડાની અસર સારી શાળાઓમાં જ જોવા મળશે. ગતવર્ષે અમદાવાદની સારી શાળાઓનું મેરિટ ૯૨ ટકા આસપાસ રહ્યું હતું. જોકે, આ વખતે ઊંચી ટકાવારી લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી હોવાથી મેરિટ નીચું જશે.

ધો.૧૦નું પરિણામ જાહેર થયા બાદ ધો.૧૧ સાયન્સમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં શાળાઓએ ૨૨ મેના રોજથી જ ધો.૧૧માં પ્રવેશ માટેના ફોર્મ બહાર પાડી દીધા હતા. આ ફોર્મ ૨૪ મે સુધી ભરી શાળાઓમાં પરત આપવાના હતા. શુક્રવારે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ શાળાઓએ આવેલા ફોર્મના આધારે મેરિટ યાદી તૈયાર કરી લીધી છે. જોકે, આ મેરિટ યાદી હજુ જાહેર કરવામાં આવી નથી. ડીઈઓ કચેરી દ્વારા ધો.૧૧ સાયન્સમાં પ્રવેશ માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે ત્યાર બાદ શાળાઓ આગળની કાર્યવાહી હાથ ધરશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ધો.૧૧ સાયન્સની અમદાવાદ શહેર અને ગ્રામ્યની શાળાઓમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ હેઠળ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાનું નક્કી કરાયું છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યની સાયન્સ શાળાઓની બેઠકમાં ગતવર્ષ કરતા નોંધપાત્ર વધારો થયો ન હોવાનું જાણવા મળે છે. આમ, આ વખતે ધો.૧૧ સાયન્સની અમદાવાદ શહેર અને ગ્રામ્યની મળી અંદાજે ૧૭ હજાર કરતા વધુ બેઠક પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ધો.૧૧ સાયન્સમાં અમદાવાદ શહેરમાં ૧૫૧ શાળાઓમાં ૧૩૧૩૪ બેઠક છે, જેમાં ગુજરાતી માધ્યમની ૮૫ શાળાઓમાં ૭૭૨૨ બેઠક, અંગ્રેજી માધ્યમની ૧૧ શાળાઓમાં ૪૪૮૮ બેઠક, ઉર્દૂની ૧ સ્કૂલમાં ૬૬ બેઠક છે. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૫૨ સ્કૂલમાં અંદાજે ૪ હજાર બેઠક છે.

ચાલુ વર્ષે અમદાવાદ શહેરમાં ૯૧ ટકાથી ૧૦૦ ટકા માર્ક લાવનારા વિદ્યાર્થીઓ ૩૨૧ અને ગ્રામ્યમાં ૨૬૪ મળી કુલ ૫૮૫ છે. જ્યારે ૮૧ ટકાથી ૯૦ ટકાની વચ્ચે લાવનારા વિદ્યાર્થી શહેરમાં ૨૬૮૮ અને ગ્રામ્યમાં ૨૦૬૦ મળી કુલ ૪૭૪૮ છે. આમ, અમદાવાદ જિલ્લામાં ૮૧ ટકાથી વધુ માર્ક લાવનારા કુલ વિદ્યાર્થી ૫૩૩૩ છે. જ્યારે ગતવર્ષે એટલે કે ૨૦૧૮માં અમદાવાદ જિલ્લામાં ૯૧થી ૧૦૦ ટકા લાવનારા ૮૦૮ અને ૮૧થી ૯૦ ટકા લાવનારા ૫૦૮૫ હતા. આમ, ૮૧ ટકા કરતા વધુ લાવનારા કુલ ૫૮૯૩ હતા. આમ, ગત વર્ષ કરતા આ વર્ષે ૮૧ ટકાથી વધુ માર્ક લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૫૬૦નો ઘટાડો થયો છે. જેની અસર સારી શાળાઓના મેરિટમાં જોવા મળશે.

ગત વર્ષે સારી શાળાઓનું મેરિટ ૯૨ ટકા આસપાસ અટક્યું હતું. જોકે, આ વખતે તેમાં ઘટાડો થઈ ૮૯ ટકા આસપાસ અટકે તેવી શક્યતા છે. જોકે, શાળાઓના બીજા અને ત્રીજા મેરિટમાં આ આંકડો વધુ નીચે ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ વખતે પણ ગતવર્ષ જેવી સ્થિતિ જોવા મળશે અને પ્રથમ મેરિટ પછી શાળાઓના મેરિટમાં મોટો ઘટાડો જોવા મળશે. ગતવર્ષે ધો.૧૧ સાયન્સની ટોપની શાળાઓનું અન્ય સ્કૂલના વિદ્યાર્થીઓનું મેરિટ ૮૫ ટકા સુધી રહ્યું હતું. જે આ વખતે ૮૦થી ૮૨ ટકા આસપાસ રહે તેવી શક્યતા છે. જ્યારે પોતાની શાળાઓના વિદ્યાર્થીઓનું મેરિટ ૭૦ ટકા આસપાસ રહે તેવી શક્યતા પણ છે.

### અમદાવાદ શહેર અને ગ્રામ વિસ્તારની કૉલેજોમાં

# બેઠકો કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી

ગાંધીનગર, તા. ૨૬ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ચાર ટકા જેટલું પરિણામ ઊંચું આવ્યું છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા અને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં ઉપલબ્ધ સંખ્યા જોતાં આ વર્ષે પ્રવેશની કોઇ સમસ્યા ઊભી થાય તેમ નથી. ઉલટાનું ચાલુ વર્ષે EWSમાં ૧૦ ટકા બેઠકો વધારવામાં આવતાં અનેક કોલેજોમાં બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

ધો.૧૨ કોમર્સમાં અમદાવાદ શહેરમાંથી ૨૫૫૦૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૬૬૫૯ વિદ્યાર્થીઓ નાપાસ થતાં કુલ ૧૮૯૩૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આજ રીતે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૯૧૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૩૮૭૫ વિદ્યાર્થી નાપાસ થતાં ૧૩,૦૮૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ, શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા જોઈએ તો ૩૨૦૨૬ જેટલી થાય છે. જેની સામે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી બી.કોમ, બીબીએ, બીસીએ, એમએસસી આઈટી, એમબીએ સહિતની કોલેજોની કુલ સંખ્યા ૯૯ છે. આ તમામ કોલેજોમાં મળીને હાલ ૩૭૪૪૦ બેઠકો ઉપલબ્ધ છે. આમ, રેગ્યુલર બેઠકો પર પ્રવેશ કાર્યવાહી કરવામાં આવે તો પણ પ્રવેશની કોઈ સમસ્યા ઊભી થાય તેમ છે. જોકે, ચાલુ વર્ષે ઈડબ્લ્યુએસ લાગુ કરવામાં આવતાં તમામ કોર્સમાં મળીને ૩૭૪૪ બેઠકોનો વધારો થયો છે. જેના કારણે કુલ બેઠકો વધીને ૪૧૧૮૪ થઈ ચૂકી છે.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે જેટલા પાસ થયા છે તે તમામ ૩૨૦૨૬ વિદ્યાર્થીઓ આ પાંચ કોર્સમાં જ પ્રવેશ મેળવે તેવું હોતુ નથી. પણ હાલની સ્થિતિ એવી છે કે તમામ પ્રવેશ મેળવે તો પણ આ પાંચ કોર્સમાં બેઠકો ખાલી પડે તેમ છે. ચાલુવર્ષે EWS બેઠકો વધતાં ૪૧૧૮૪ બેઠકો સામે માત્ર ૩૨ હજાર જેટલા જ વિદ્યાર્થીઓ છે. જેનો સીધો અર્થ એ થયો કે, ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયામાં મોટાપાયે બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઊભી થાય તેમ છે.

એટલું જ નહીં ચાલુ વર્ષે શહેરમાં આવેલી ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજોએ પણ બી.કોમ સહિતના જુદા જુદા કોર્સ શરૂ કરી દીધા છે. બી.કોમમાં જ ૩૫ હજાર કરતાં વધારે બેઠકો છે. જેનો અર્થ એ થયો કે, શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પાસ થનારા તમામ માત્ર કોમર્સમાં પ્રવેશ મેળવે તો પણ બેઠકો ખાલી પડશે.

# ગણપત યનિવર્સિટીના ૨૫૧૯ ગ્રેજ્યુએટ્સને ૧૩૮૦થી વધુ જૉબ ઑફર

ગાંધીનગર, તા. ૨૬ પૂરા થતા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ગણપત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાંથી ૨૫૧૯ જેટલાં વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ (સ્નાતક) થયા, એમને ૪૦૫થી વધારે કંપનીઝ દ્વારા ૧૩૮૦ કરતાંય વધારે જૉબ ઑફર કરવામાં આવી હતી. સરેરાશ ૩ લાખ ૯ હજારથી માંડીને ૧૨ લાખ રૂપિયા સુધીના પૅકેજ ઑફર કરવામાં આવ્યા હતા. આ ૨૫૧૯ વિદ્યાર્થીઓમાંથી ૨૯૦ વિદ્યાર્થીઓને તો તેઓ એમના ફાઈનલ યરની ડિગ્રી ઍક્ઝામ આપે તે પહેલાં જ નોકરીની ઑફર થઈ હતી.

જો કે ગણપત યુનિવર્સિટીના ઍન્જિનીયરિંગ, ફાર્મસી, મૅનેજમૅન્ટ, કૉમ્પ્યુટર સાયન્સ જેવી અનેક જ્ઞાન-શાખાઓના ૨૫૧૯ સ્નાતક વિદ્યાર્થીઓ પૈકી ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભારતમાં જ કોઈ ને કોઈ કૉલેજ, યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાનો કોર્સ કે અન્ય કોઈ આગળનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું હતું. ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના આગામી શૈક્ષણિક ઉત્કર્ષ માટે કોઈ ને કોઈ વિદેશની ધરતી ખેડવાનો નિર્ણય કર્યો હતો. તો ૧૯૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનો જ વ્યવસાય-ધંધો વિકસાવવાનું સાહસ કર્યું હતું.

ગણપત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મળતા પ્રતિભાવોમાંથી મળેલા એક તારણ અનુસાર નોકરી મળ્યાના બે જ વરસ બાદ એમના સૅલરી પૅકેજમાં ૧૫૦ ટકા જેટલી વૃદ્ધિ પણ થઈ જાય છે.

ગણપત યુનિવર્સિટીની પ્લેસમેન્ટ પ્રવૃત્તિની ઊંચી ગુણવત્તાને પારખીને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ફેબ્રુઆરી, ૨૦૧૮માં એક્સલન્સ ઈન પ્લેસમેન્ટ એક્ટિવિટીઝનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.



જો કે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનાં હીર પારખીને એમને પોતાના વિકાસમાં સહભાગી બનવાની તક નોકરી આપતા વિવિધ સુપ્રતિષ્ઠિત કોર્પોરેટ હાઉસના સન્માનનીય હોદ્દેદારો, ઓફિસર્સ દ્વારા વ્યક્ત થતાં સરાહના અને શાબાશીના શબ્દો પણ યુનિવર્સિટી માટે ઍવોર્ડ્ઝ જેવું જ ઊંચું મહત્ત્વ ધરાવે છે.

વિશ્વખ્યાત ફાર્મા જાયન્ટ સન ફાર્માના ડૉ. હરેશ પટેલે ગણપત યુનિવર્સિટીમાંથી તૈયાર થતા વિદ્યાર્થીઓ માટે બેસ્ટ ટૅલેન્ટ પુલ ગણાવતા કહ્યું હતું કે આ વિદ્યાર્થીઓમાં નિષ્ઠા, પ્રામાણિકતા, વ્યવહારુ જ્ઞાન અને કોન્સેપ્ટની ઊંચી સમજ જોવા મળી છે.

ટીસીએસ, ગુજરાતના કેમ્પસ-લીડ મયંક સિંઘ કહે છે, ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પ્રતિભા, ગુણવત્તા દર વર્ષે ઉત્તરોત્તર વધતી જ જાય છે. અમને ગણપત યુનિવર્સિટીના રિક્રુટિંગ પાર્ટનર હોવાનું ગૌરવ છે.

આવો જ કંઈક પ્રતિભાવ ઝાયડસ કેડિલા હૅલ્થકેર, એક્સેલ ટેકનોર્મન, ઈ-ઈન્ફોચિપ અને બિગ બાઝારનો પણ છે. આવા તો અનેકાનેક સંસ્થા-અધિકારીઓ ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જૉબ ઑફર કરે છે, દર વર્ષે કૅમ્પસ ઉપર આવે છે અથવા આમંત્રણ આપી ઈન્ટર્વ્યૂ માટે બોલાવે છે. દેશ-પરદેશની સુપ્રતિષ્ઠિત એવી ૪૦૫ કંપનીઝ છે, જે ગણપત યુનિવર્સિટીને રિક્રુટિંગ પાર્ટનર બનાવે છે.

નોકરી આપનાર કંપનીઝનાં નામ જેમ દેશ અને દુનિયામાં ખૂબ પ્રતિષ્ઠા પામેલાં છે તેમ દુનિયાની ખૂબ જ જાણીતી અને સુખ્યાત યુનિવર્સિટીઝ પણ પોતાને ત્યાં ઉચ્ચ અભ્યાસ માટે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આવકારે છે, જેમાં અમેરિકાની એરિઝોના, કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી, ફ્લોરિડા ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગેનન યુનિવર્સિટી, ઑકલેન્ડ યુનિવર્સિટી, ટૅક્સાસ યુનિવર્સિટી, કૅનેડાની સૅન્ટેનિયલ, ફૅનશો કૉલેજ, લૅમ્બટન કૉલેજ, યુનિવર્સિટી ઑફ કોન્કર્ડિયા, ઑસ્ટ્રેલિયાની વિક્ટોરિયા, સૅન્ટ્રલ ક્વિન્સલૅન્ડ, યુનિવર્સિટી ઑફ ઍડિલેડ સહિત દુનિયાની ૫૦ જેટલી યુનિવર્સિટી-સંસ્થાઓનો સમાવેશ થાય છે.

# રાધાબેન વ્યાસનું ઝવેરચંદ મેઘાણી સંસ્થાન દ્વારા અભિવાદન







ગાંધીનગર, તા. ૨૬ ગુજરાતનાં ખ્યાતનામ કોકિલકંઠી લોકગાયિકા રાધાબેન વ્યાસનાં જન્મદિન અવસરે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા ભાવભર્યું અભિવાદન કરાયું હતું. રાધાબેનનાં સુમધુર કંઠે ઝવેરચંદ મેઘાણી રચિત-સંપાદિત ગીતો, લોકગીતો-રાસ-ગરબા, લગ્નગીતો અને ભજનો સાંભળવાં એક લ્હાવો છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં ૫૦૦૦થી વધુ જાહેર કાર્યક્રમોમાં રાધાબેને ભાગ લીધો છે. સંગીતનાં પ્રચાર-પ્રસાર માટે અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દુબઈ, આફ્રીકન દેશોનો અનેક વાર પ્રવાસ કર્યો છે. આકાશવાણી પ્રમાણિત લોકપ્રિય કલાકાર રાધાબેન વ્યાસે દૂરદર્શન, ઈટીવી, જીટીપીએલ જેવી ટેલિવિઝન ચેનલમાં કાર્યક્રમો રજૂ કર્યા છે. એમની અનેક મ્યૂઝીક સીડી-કેસેટ બહાર પડી છે. લોકકલ્યાણ અને સેવાકીય કાર્યો માટે લાગણીથી પ્રેરાઈને કાર્યક્રમો આપે છે.

૨૫ મે ૧૯૭૦નાં રોજ જૂનાગઢ જિલ્લાનાં વંથલી તાલુકાનાં બંટીયા ગામમાં જન્મેલાં રાધાબેનનો ઉછેર મોસાળમાં થયેલો. પ્રખર કથાકાર-જ્યોતિષાચાર્ય મામા બ્રહ્મચારી જમનાદાસ બાપુની પ્રેરણાથી ૧૨ વર્ષની ઉંમરે શાળા-જીવન દરમિયાન જ રાધાબેન સંગીતનાં રંગે રંગાયા. હિન્દી વિષય સાથે જૂનાગઢની એમ.ડી.એસ. કોલેજમાંથી બી.એ. તથા બહાઉદ્દીન કોલેજમાંથી એમ.એ.નાં અભ્યાસ દરમિયાન લોકસંગીત અને નવરાત્રીનાં કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેતા. કોલેજકાળ દરમિયાન મેઘાણી-સાહિત્યનો ગહન અભ્યાસ પણ કર્યો.

રાધાબેનનાં સંગીત-પ્રેમી પતિ પીયૂષભાઈ વ્યાસનો સતત સાથ-સહયોગ રહ્યો છે. 'મોરનાં ઈંડાને ચીતરવા ન પડે' એ લોકજીવનની ઉક્તિને સાર્થક કરતાં ઈજનેર થયેલાં એમનાં બન્ને પુત્રો પણ નાનપણથી સંગીતમાં પારંગત છે. નાનો પુત્ર મીત અચ્છો ગાયક છે, જ્યારે મોટો પુત્ર નીલદીપ સારો તબલાવાદક છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૦મો મણકો ॥

**૧૦૨ - ખિસ્સાં ખાલી કરવાની કળા**




ગાંધીજીના હસ્તાક્ષર લેવા માટે લોકોની ભારે પડાપડી રહેતી અને તેથી તેમનો ઠીક ઠીક સમય જતો હતો. છેવટે તેમણે નક્કી કર્યું કે જેઓ હરિજન ફાળામાં પાંચ રૂપિયા આપે તેમને જ હસ્તાક્ષર આપવા. આ નિર્ણય પછી એક મિત્રે કહ્યું કે, બાપુ ! પૈસા એકઠા કરવાની તમારી કળા ન્યારી જ છે !

તમને ખબર નથી કે હું પાકો વાણિયો છું, ગાંધીજીએ હસીને જવાબ આપ્યો.

સાચે જ તેમની એ કુશળતા અદ્વિતીય હતી. તેથી કોઈએ તેમને ભિખારીઓના સમ્રાટ પણ કહ્યા હતા.

એક દિવસ એક મદ્રાસી ગૃહસ્થે ગાંધીજી પાસે તામિલ ભાષામાં તેમના હસ્તાક્ષરની માગણી કરી.

ગાંધીજી : હું તામિલમાં પ્રયત્ન કરી જોઉં તે માટે તમારે બમણી ફી આપવી પડશે.

મદ્રાસી ગૃહસ્થ : કબૂલ છે, બાપુ !

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે મદ્રાસી ભાઈબહેનોની સેવાર્થે તેમણે તામિલનો અભ્યાસ શરૂ કર્યો હતો. પણ વર્ષો પછી તેના મહાવરાના અભાવે તે ભુલાવા આવી હતી. છતાં પ્રયત્ન કરી તેમણે તામિલમાં પોતાનું નામ લખ્યું અને પૂછ્યું, જુઓ. એમાં કંઈ ભૂલ છે ?

મદ્રાસી ગૃહસ્થ : ના જી.

ગાંધીજી (હસીને) : જો એમાં ભૂલ ન હોય તો તમારે મને વધારાના દશ રૂપિયા આપવા જોઈએ. બોલો, આપશો કે નહીં ?

પેલા ગૃહસ્થે સંકોચ સાથે વધારાના પૈસા આપવાની આનાકાની કરી અને કહ્યું કે મારી પાસે વધારાના પૈસા આજે નથી.

ગાંધીજી : તો આવતી કાલે આપી જજો. હું તમારા પર વિશ્વાસ મૂકું છું.

આથી તે ગૃહસ્થ વધુ મુંઝાયા. વાયદો ન કરતાં તેમણે રસ્તો કાઢ્યો. હાથની આંગળીમાં પહેરેલી સોનાની વીંટી કાઢીને તેમણે ગાંધીજીના હાથમાં મૂકી દીધી.

એ જ સમયે જવાહરલાલજી ગાંધીજીને મળવા આવી પહોંચ્યા. આ બધું જાણી લીધા પછી તે બોલ્યા, અરે, તમો તો તમારી જૂની રમત રમી રહ્યા છો. હું તો એમ જાણતો હતો કે આ તામિલ ચેટ્ટીઓ દુનિયાભરના વેપારધંધામાં ખૂબ પાવરધા છે, પણ....

જવાહરલાલજી પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ પેલા મદ્રાસી ગૃહસ્થ બોલી ઊઠ્યા, પણ સાહેબ ! લોકોનાં ખિસ્સાં ખાલી કરવાની કળામાં મહાત્માજીની તોલે દુનિયામાં કોઈ આવી શકે એમ નથી. મારે તો તેમની સમક્ષ હાર કબૂલ કરવી જોઈએ.

ગાંધીજી : ના, ના. આ તો તેથી ઊલટું છે. હકીકતમાં તમારા સોદામાં તમે વધુ પારવધા પૂરવાર થયા છો. આટલી નજીવી કિંમતમાં ગરીબોના અમૂલ્ય આશીર્વાદ તમે તમારી સાથે લઈને જાઓ છો. તે શું ઓછું છે ?

બાપુ ! આપના આશીર્વાદ મારે પૂરતા છે. પછી બીજાના આશીર્વાદની જરૂર રહે ખરી કે ? આટલું બોલી પેલા ગૃહસ્થ પાદસ્પર્શ કરી ગાંધીજીને પગે લાગ્યા અને વિદાય લીધી.

૧૦૩ - મહાત્માજીની મોહની

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ચીનના સેનાધિપતિ ચાંગકાઈ-શેક અને તેમનાં પત્ની હિંદની મૈત્રીભરી મુલાકાતે આવ્યાં હતાં. તેઓ હિંદ આવે અને ગાંધીજીને ન મળે તો તેમની મુલાકાત જ અધૂરી ગણાયને ? તેથી સેનાધિપતિની સૂચનાથી ગાંધીજી સાથે તેમની મુલાકાત કલકત્તામાં ગોઠવાઈ હતી.

તેમની વચ્ચે યુદ્ધના વિકટ પ્રશ્નો અને હિંદની સ્વતંત્રતા ઉપરાંત અનેક વિષયોને આવરી લેતી લાંબી ચર્ચા થઈ હતી. ગાંધીજીએ પણ હિંસક યુદ્ધની નિરર્થકતા અને તેની અવેજીમાં સત્યાગ્રહ અને અસહકારની વાતો સેનાધિપતિને કહી. સાથે સાથે પોતાના અહિંસક 'લડાઈના હથિયાર' તરીકે ધનુષતકલીના પ્રયોગો પણ બતાવ્યા. મૅડમ ચાંગે તો તેમાં ઘણો રસ લીધો.

પોતાના અહિંસક હથિયાર તરીકે ધનુષતકલીની પ્રશંસા કરતાં ગાંધીજી બોલ્યા, એ નથી અવાજ કરતું કે નથી જીવ લેતું, પણ જો કંઈ કરે છે તો જીવન આપે છે.

મૅડમ ચાંગ (હસીને) : આપે મને એ ચલાવતાં શીખવવું પડશે.

ગાંધીજી : સેવાગ્રામ આવો એટલે શીખવીશ. સેનાધિપતિ અહીં તમને એમના એલચી તરીકે મૂકી જાય, અને હું તમને મારી દીકરી બનાવું.

ગાંધીજીએ ચાંગ દંપતિ સાથે એવી આત્મીયતાથી વાતો કરી કે તેમાં બાહ્ય ઔપચારિકતા જેવું તો કશું જ રહ્યું નહીં ! ચાંગ દંપતીએ પણ એક સ્વજન સાથે વાતો કરી રહ્યાં હોય એવી નિકટતા અનુભવી.

શરૂઆતની અર્ધા કલાકની વાત પછી ગાંધીજીએ કહ્યું કે આપણી રીતસરની સરકારી વાતચીત તો છે જ નહીં, તો પછી મૅડમ દુભાષિયાનું કામ કેમ ન કરે ? કારણ કે મૅડમ ચાંગ અંગ્રેજી સારી રીતે જાણે છે.

મૅડમ ચાંગ : વાહ મહાત્માજી ! આપ પણ ખરા છો. હવે હું સમજી શકું છું કે દરેક જણ આપને કેમ વશ થાય છે ! (ક્રમશઃ)

**'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર**